ગાંધીનગર સમાચાર

ગાંધીનગર તાપમાન
મહત્તમ : ૩૫.૦ ડીગ્રી
લઘુતમ : ૨૬.૦ ડીગ્રી
ભેજ
સવારે ૭૯ ટકા ● સાંજે ૬૭ ટકા



**સમસ્ત બ્રહ્મસમાજ સે. ૨૬ દ્વારા જનોઈ બદલવાનો કાર્યક્રમ યોજાયો**

સમસ્ત બ્રહ્મસમાજ સે. ૨૬ દ્વારા શ્રાવણી પૂનમ યજ્ઞોપવિત સંસ્કાર એટલે જનોઈ ધારણ કરવાની વિધિ. રક્ષાબંધનના દિવસે સવારે ૭.૩૦ થી ૯.૩૦ કલાક દરમ્યાન યોજાઈ હતી. ૪૦ જેટલા ભૂદેવોએ ભાગ લીધો હતો. રક્ષાબંધનના દિવસે ભૂદેવો નૂતન યજ્ઞો પવિત દ્વારા જનોઈ બદલવામાં આવી હતી. સાથે શાસ્ત્રોક્ત મંત્રોચ્ચાર સાથે ૪૦ થી વધારે સેક્ટર-૨૬ શાખાના ભૂદેવો જનોઈ ધારણ કરી હતી.

# સે. ૪ના ઓમકારેશ્વર મહાદેવ ખાતે ઘીના શિવલિંગના દર્શન

## ચારેક ફૂટ ઊંચા શિવલિંગ સાથે મહાદેવજીની નયનરમ્ય મૂર્તિ બનાવાઈ

ગાંધીનગર, તા. ૭

ગાંધીનગરના સેક્ટર-૪ ખાતે ઓમકારેશ્વર મહાદેવના મંદિરે ૯૦ કિલો ઘીમાંથી આશરે ચારેક ફૂટનું શિવલિંગ મહાદેવજીની મૂર્તિ સાથે બનાવાયું છે. શ્રાવણિયા સોમવારે આ નયનરમ્ય શિવલિંગના દર્શને



શ્રદ્ધાળુઓ મોટી સંખ્યામાં ઉમટી પડ્યાં હતા.

સેક્ટર-૪ ખાતે ઓમકારેશ્વર મહાદેવજીનું મંદિર નવા સેક્ટરોની જનતામાં વિશેષ લોકપ્રિય છે. આ મંદિર તેની બાંધણી, મંદિર પરિસરમાં વિકસાવાયેલ બગીચો અને ચોપાસ ખુલ્લી જગ્યાને કારણે શહેરના અન્ય વસાહતીઓમાં પણ આકર્ષણ અને શ્રદ્ધાનુ કેન્દ્ર બનેલ છે. આ મંદિરે પવિત્ર શ્રાવણ માસ નિમિત્તે ઘીના શિવલિંગના દર્શનનું વિશેષ આયોજન કરવામાં આવ્યું છે. શ્રાવણ માસના ત્રીજા સોમવારે અહીં આણંદથી આવેલા કારીગરોએ આશરે ચારેક ફૂટ ઊંચું ઘીનું શિવલિંગ તૈયાર કર્યું છે. આ શિવલિંગની આગળ મહાદેવજીની ત્રિશૂળ તથા વલ્કપ સાથેની ઉભા નયનરમ્ય પ્રતિકૃતિ પણ બનાવાયી છે.

શિવલિંગ તથા મૂર્તિ બનાવવામાં આશરે ૯૦ કિલો ઘી વાપરવામાં આવ્યું છે. મનમોહક શિવજી તથા શિવલિંગના દર્શનાર્થે ઓમકારેશ્વર મંદિર ખાતે આજે શ્રદ્ધાળુઓની ભીડ ઉમટી પડી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે પવિત્ર શ્રાવણ માસમાં ઓમકારેશ્વર મહાદેવ ખાતે દરરોજ પૂજા-આરતી સાથે ભજન-કિર્તન અને સત્સંગના કાર્યક્રમ યોજાય છે. આ ઉપરાંત શ્રાવણિયા સોમવારે અહીં ભજન-કિર્તનના વિશેષ કાર્યક્રમ યોજાતા હોવાથી શ્રદ્ધાળુઓની ભીડ વધુ જોવા મળે છે.

### આણંદના કારીગરોએ શિવલિંગ બનાવ્યું

ઓમકારેશ્વર મહાદેવના મંદિરે ઘીનું શિવલિંગ તૈયાર કરવા આણંદથી ખાસ કારીગરો બોલાવાયા હતા. આ કારીગરોએ આશરે ૯૦ કિલો ઘીનો ઉપયોગ કરી શિવલિંગ તથા મહાદેવજીની ત્રિશૂળ સાથેની ઉભી નયનરમ્ય મૂર્તિનું નિર્માણ કર્યું છે. આ શિવલિંગના દર્શન હજુ એક સપ્તાહ સુધી ચાલુ રખાશે. તેવું માનવામાં આવી રહ્યું છે.

# પુસ્તક પરબ... પુસ્તકને ફ્રેન્ડશીપ બેલ્ટ બાંધીને દોસ્તી પાક્કી કરી

ગાંધીનગર, તા.૬

ઓગષ્ટ મહિનાનો પ્રથમ રવિવાર એટલે ફ્રેન્ડશીપ ડે તરીકે ઉજવાય છે. આજે પ્રથમ રવિવાર હોવાથી દર માસે યોજાતી પુસ્તક પરબ ઘ-૪ના સર્કલે યોજાઈ હતી. 'પુસ્તક માણસનો પ્રિય મિત્ર છે.' એ હિસાબે પુસ્તકને ફ્રેન્ડશીપ બેલ્ટ બાંધીને એની સાથે દોસ્તી પાક્કી કરવામાં આવી. સવારથી જ પુસ્તક પર પર પુસ્તક લેનાર અને આપનારની ભીડ જામી હતી. આ પ્રવૃત્તિને બિરદાવવા વી.એસ. ગઢવી, લાલાકાકા, કવિ રમણ વાઘેલા, એચ.બી. વરીયા, મિડિયા મિત્રો સમીર રામી, અશ્વિન ત્રિવેદી, અજય ઉપાધ્યાય વગેરે હાજર રહ્યા હતા.

આજના પુસ્તક પરબની ખાસ ઘટના એટલે પુસ્તક પ્રેમી દામિનીબેન જાની ૫૦ નવાં પુસ્તકો ખરીદીને ભેટ આપવા આવ્યા હતા. બે દિવસ બાદ એમના પતિ હિમાંશુ જાનીની પ્રથમ પુણ્યતિથી આવે છે એમને પુસ્તકો





પ્રત્યે પ્રેમ હતો અને સાહિત્ય પ્રત્યે લગાવ, એમને ગમતું કાર્ય કરી દામિનીબેને શ્રેષ્ઠ અંજલિ આપી હતી. એમણે બાળ સાહિત્યના પુસ્તકો વધુ આપ્યા હતા.

માતૃભાષા અભિયાન અને પુસ્તક પરબની આ પ્રવૃત્તિ પ્રજ્ઞા પટેલ સુપરે ચલાવે છે. એમાં કવિ કિશોર જીકાદરા, આશા સરવૈયા, દિશાંત ગર્ગ, અશોક ત્રિવેદી, ધૂર્જટી પ્રજાપતિ, સંજય થોરાત, રોહા પરમાર, મૂળજી પરમાર, રણછોડ પરમાર, સ્વતિ શુકલ વગેરે મિત્રો સહયોગ પુરો પાડે છે. આજે પુસ્તક પરબની લગભગ ૨૫૦થી વધુ લોકોએ મુલાકાત લઈને પુસ્તકને મિત્ર બનાવવાના સંકલ્પ સાથે બે પુસ્તક અને બે મેગેઝીન મેળવ્યા હતા.







શહેરમાં બ્રહ્માકુમારી દ્વારા રક્ષાબંધન પર્વની ઉજવણી કરવામાં આવી હતી. આ પર્વમાં અતૂટ સ્નેહ, સદભાવના, આપસી વિશ્વાસ, ભાઈચારાની ભાવનાથી ઓતપ્રોત રાખડીના રંગબેરંગી રેશમી ધાગાથી બાંધીને તિલક કરી, મીઠાઈ ખવડાવી મીઠા વચનો દ્વારા મનને મીઠું બનાવી આ મહાન પર્વ આપણા મન વચન કર્મની પૂર્ણ પણે પવિત્ર બનાવી નર નારીની પ્રતિ સંબંધોને મધુર તથા મજબૂત બનાવવાનો સંદેશ આપ્યો હતો.

# શહેરમાં મહિલાઓને બી.પી. અને ડાયાબીટીસ જોવા મળ્યો

ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા 'મહિલા સશક્તિકરણ પખવાડિયા'ની ઉજવણીના ભાગરૂપે તા. ૧-૮-૧૭ થી તા. ૧૪-૮-૧૭ દરમ્યાન કરવામાં આવ્યું છે. જેના ભાગરૂપે તા. ૫-૮-૧૭ ગાંધીનગર મહાનગરપાલિકા ખાતે 'મહિલા આરોગ્ય દિવસ'ની ઉજવણી કરવામાં આવેલ. આ કાર્યક્રમમાં ગાંધીનગર મહાનગર પાલિકાના નાયબ મ્યુનિસિપલ કમિશનર જે.બી. બારૈયા, મેડીકલ ઓફિસર ઓફ હેલ્થ ડૉ. ડી.એન. બારોટ, ડૉ. હેમાબેન જોશી એન.યુ.એલ.એમ. મેનેજર રાહુલભાઈ ૩૦ જેટલી બહેનોએ દિવસની ઉજવણીના કાર્યક્રમમાં હાજર રહી હતી.

આ મહિલા આરોગ્ય દિવસ નિમિત્તે ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા સે. ૨૪, ૨, ૩૯ અને પાલજના પીએચસી સેન્ટરમાં સવારે ૧૦ થી ૧ મહિલાઓની તપાસ, નિદાન અને સારવાર કરવામાં આવેલ જે અન્વયે ૪૦૦ બહેનોએ પોતાની સ્વાસ્થ્યને લગતી વિવિધ બિમારી સંબંધિત તપાસ કરાવેલ. જેમાં મુખ્યત્વે બી.પી. અને ડાયાબીટીસના કેસ વધુ જોવા મળેલ તેમજ હિમોગ્લોબીનની ચકાસણી પણ આ દરમ્યાન કરવામાં આવેલ.

## મુખ્યમંત્રી તથા ગવર્નરશ્રીને બ્રહ્માકુમારીઝ તરફથી રાખડી બાંધવામાં આવી

પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલય તરફથી ગુજરાત ઝોન ડાયરેક્ટર રાજયોગિની સરલાદીદી તથા બ્રહ્માકુમારીઝ સંચાલિકા બી.કે. કૈલાશદીદીના ડેલિગેશન દ્વારા ગરવી ગુજરાતના વિજય રૂપાણી, ગવર્નરશ્રી ઓ.પી. કોહલીજીને આત્મસ્મૃતિનું તિલક કરી, પરમપિતા પરમાત્માની શક્તિ અને વલરદાનોથી સંપન્ન રક્ષા કવચ-રાખડી બાંધવામાં આવી હતી.

# રાજભવનમાં રક્ષાબંધનની ઉજવણી



ગાંધીનગર, તા. ૭

રક્ષાબંધનના પાવન પર્વે આજે રાજભવન ખાતે મહિલા અને બાળવિકાસ રાજ્યમંત્રી શ્રીમતી નિર્મલાબેન વાઘવાણી, વિવિધ સેવાભાવી સંસ્થાઓની બહેનોએ તથા એનસીસી અને વિકલાંગ શાળાઓની બાળાઓએ ગુજરાતના રાજ્યપાલશ્રી ઓ.પી. કોહલીને રક્ષાબંધન કર્યું હતું.

મમતા વિકલાંગ શિશુ વિદ્યામંદિર, હિંમતનગરની બાળાઓએ રાજ્યપાલશ્રીને રાખડી બાંધી હતી.

એરફોર્સ વાઈવ્ઝ વેલફેર એસોસિએશન, સાઉથ-વેસ્ટર્ન એરકમાન્ડની અધ્યક્ષા શ્રીમતી નિલમ ધીર તથા અન્ય બહેનોએ પણ રાજ્યપાલશ્રીને રક્ષાબંધન કર્યું હતું.

ગુજરાત એન.સી.સી.ની વિદ્યાર્થિનીઓ, બ્રહ્માકુમારી ઈશ્વરીય વિદ્યાલયના નિયામક બ્રહ્માકુમારી સરલાદીદી તથા અન્ય અગ્રણી બહેનોએ પણ રક્ષાબંધન કર્યુ હતુ.

આ ઉપરાંત એસ.ઓ.એસ. ચિલ્ડ્રન્સ વિલેજ, ભૂજની વિદ્યાર્થિનીઓએ પણ રાજ્યપાલશ્રીને રાખડી બાંધી હતી.

ભૂતપૂર્વ મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબહેન પટેલે આજે રાજભવન ખાતે ગુજરાતના રાજ્યપાલ શ્રી ઓ.પી. કોહલીને રક્ષાબંધન કર્યું હતું. ભૂતપૂર્વ મંત્રી શ્રીમતી વસુબહેન ત્રિવેદીએ પણ રાજ્યપાલશ્રીને રાખડી બાંધી હતી.

# મુખ્યમંત્રીની ઉપસ્થિતિમાં રક્ષાબંધન પર્વની ઉજવણી

ગાંધીનગર, તા.૭

મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીની ઉપસ્થિતિમાં આજે રક્ષાબંધન પર્વે મંત્રીમંડળ નિવાસ સંકુલના કોમ્યુનિટિ સેન્ટર ખાતે રક્ષાબંધન કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.

મુખ્યમંત્રીશ્રીને રક્ષાકવચ પ્રદાન કરવા સમાજના વિવિધ વર્ગોની માતૃશક્તિ-ભગિનીશક્તિ વિશાળ સંખ્યામાં ઉમટી પડી હતી.



પૂર્વમુખ્યમંત્રી શ્રીમતી આનંદીબહેન પટેલ, મહિલા અને બાળ કલ્યાણ મંત્રી ડૉ. નિર્મલાબેન વાધવાણી, સંસદીય સચિવ શ્રીમતી વિભાવરીબેન દવે તથા સાંસદ શ્રીમતી જયશ્રીબેન પટેલ, પૂર્વ મંત્રી અને ધારાસભ્ય શ્રીમતી વસુબેન ત્રિવેદી, વર્ષાબેન દોશી તથા મહિલા મોર્ચાના અધ્યક્ષા ડૉ. જ્યોતિબેન પંડ્યાએ પણ શ્રી વિજયભાઈ રૂપાણીને રક્ષાબંધન કર્યું હતું.

આજે સાત ઓગસ્ટે રક્ષાબંધનની સાથો સાથ મુખ્યમંત્રીશ્રીના સફળ શાસનનું એક વર્ષ પૂર્ણ થયું છે. તે સંયોગનો ઉલ્લેખ કરતાં શ્રી વિજયભાઈ રૂપાણીએ જણાવ્યું કે, ૩૬૫ દિવસના જનહિત શાસનમાં ૪૭૫ જેટલા પ્રજાકલ્યાણલક્ષી નિર્ણયો પારદર્શિતા, સંવેદનશીલતા, નિર્ણાયકતા અને પ્રગતિશીલતાના ચાર સુશાસન સ્તંભ પર કર્યા છે.

સેવાસેતુ દ્વારા સામાન્ય નાગરિકોની સમસ્યા-ફરિયાદનું સ્થળ પર જ નિવારણ લાવવાનો ગુડ ગવર્નન્સ અભિગમ અને ખેડૂતોને પાક વીમાના નાણાં ચૂકવણી, ટેકાના ભાવે મગફળી અને તુવેરની ખરીદી, યુવાનોને માત્ર એક હજારમાં ટેબ્લેટ અને ૭૨ હજારથી વધુ યુવાઓને સરકારી સેવામાં રોજગારી આપીને આ સરકારે 'સૌના સાથ સૌના વિકાસ' ને પ્રજાકીય સહયોગથી ચરિતાર્થ કર્યો છે.

# ગાંધીનગરમાં નેશનલ સાયન્સ સેમિનાર યોજાયો

નિસર્ગ સાયન્સ સેન્ટર દ્વારા ગાંધીનગર જિલ્લાની શાળાઓ માટે તા. ૫મી ઓગષ્ટના રોજ સે. ૨૩માં સાયન્સ સેન્ટર ખાતે નેશનલ સાયન્સ સેમિનારની જિલ્લા કક્ષાની સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ સેમિનારનો વિષય 'સ્વચ્છ ભારત : રોલ ઓફ સાયન્સ એન્ડ ટેકનોલોજી પ્રોસિસીસ એન્ડ ચેલેન્જીસ' રાખવામાં આવ્યો હતો. આ સ્પર્ધામાં મુખ્ય મહેમાન તરીકે નરેશભાઈ ઠાકર, પૂર્વ પીઆરઓ જી.પી.સી.બી. ગાંધીનગર વસંતભાઈ પટેલ, ભૌતિક વિજ્ઞાન રિસર્ચર, ગાંધીનગર, ચંદુભાઈ પટેલ નિવૃત્ત વિજ્ઞાન શિક્ષક અને ડૉ. અનીલભાઈ પટેલ, મેનેજીંગ ટ્રસ્ટી નિસર્ગ સાયન્સ સેન્ટર ઉપસ્થિત રહ્યા હતા. આ સાયન્સ સેમિનારમાં ગાંધીનગર જિલ્લાની જુદી જુદી માધ્યમિક અને ઉચ્ચત્તર પ્રાથમિક શાળાઓના ૫૨ વિદ્યાર્થીઓએ ભાગ લઈ સ્વચ્છ ભારત અભિયાનમાં વિજ્ઞાન અને ટેકનોલોજીની ભૂમિકા વિશે પોતાના વિચારો રજુ કર્યા હતા.

આ સ્પર્ધામાં પ્રથમ નંબરે રીયા જૈન, ચૈતન્ય સ્કૂલ, લેંકાવાડા, ગાંધીનગર, દ્વિતિય નંબરે જાગૃતિ પટણી, કન્યા વિનય મંદિર, સંસ્કાર તીર્થ, આજોલ, તા. માણસા, અને તૃતિય નંબરે બે વિદ્યાર્થીઓ વિજેતા બન્યા હતા. જેમાં વિશ્વાસ સોલંકી, સાંઈ વિદ્યામંદિર, અડાલજ અને ઝાલા ઊર્જા એન. શ્રી કે.એમ. ચૌધરી કન્યા વિદ્યાલય, સે. ૭, ગાંધીનગરના વિદ્યાર્થીઓ વિજેતા બન્યા હતા. વિજેતાઓને અને ભાગ લેનાર તમામ વિદ્યાર્થીઓને પ્રમાણપત્ર આપવામાં આવ્યા હતા. પ્રથમ અને દ્વિતીય વિજેતા વિદ્યાર્થીઓ તા. ૩૦-૮-૧૭ના રોજ યોજાનાર રાજ્યકક્ષાના સાયન્સ સેમિનાર સ્પર્ધામાં ગાંધીનગર જિલ્લાનું પ્રતિનિધિત્વ કરશે.

## આઈ લવ માય ગાંધીનગર



**મેહુલ કવિ**
**આચાર્ય, પિયજ પ્રાથમિક શાળા અને ટીવી-નાટ્ય કલાકાર**

**ગાંધીનગર ગમે**
ગાંધીનગરમાં જન્મ્યો ભલે નથી પણ ઉછર્યો ને ઉગ્યો તો છું જ. વળી દેશભરમાં ક્યાંય ન જોવા મળે એવી સુંદર અને રમણીય આ નગરી હોવાથી ખૂબ ગમે છે.

**નગરજનો**
શિક્ષિત, સંસ્કારી, નોકરીયાત, એકમેક સાથે સરળતાથી ભળી જનારા અને સેવાભાવી, કલારસિક, કલાકાર નાગરિકો આ શહેરમાં વસે છે.

**પ્રવૃત્તિ, સંસ્થા ગમે**
ગણી ન શકાય એટલી વ્યક્તિઓ અને સંસ્થાઓ ગણી ન શકાય એટલી પ્રવૃત્તિથી શહેરની સુવાસને દુનિયામાં પ્રસરાવી રહ્યાં છે. સૌને સાદર પ્રણામ છે.

**નગરને બહેતર બનાવવા**
વિદ્યાર્થીઓમાં ઘણી શક્તિ અને દૃષ્ટિ પણ છે. એનો ઉપયોગ કરવામાં આવે તો નગરને અવશ્ય બહેતર બનાવી શકાય તેમ છે.

**નગર માટે હું કરી શકું**
યુવા વિકાસ, વ્યક્તિત્વ વિકાસ અને કલાના ઉપક્રમો માટે મારી સેવા નગરને આપવા હું તૈયાર છું.

## @ગાંધીનગર

● સે. ૨૩ સ્વામિનારાયણ મંદિરમાં કમનીય કલા દર્શન હિંડોળામાં ઠાકોરજીને સાંજે ૫ થી ૮.૧૫ કલાક દરમિયાન ઝુલાવવામાં આવશે.

● શ્રી જી શ્રી ગોવર્ધનનાથજીની હવેલી ખાતે સુરંગના હિંડોળા સાંજે ૬.૩૦ થી ૭.૧૫ કલાક દરમિયાન યોજાશે.

● શ્રી સમસ્ત બ્રહ્મસમાજ સે. ૨૬ દ્વારા શિવમહિમ્ન પાઠ હિતેશકુમાર જે. પંડ્યા, એમ-૧૨૫ ગ્રીનસીટી ખાતે રાત્રીના ૯ થી ૧૦ કલાક દરમિયાન યોજાશે.

● શ્રી રામધામ વાવોલ ખાતે પવિત્ર શ્રાવણ નિમિત્તે સ્ટેશનરીના હિંડોળા તથા રામકથા યોજાશે.

● શ્રી સમસ્ત બ્રહ્મસમાજ સે. ૨૩ દ્વારા શિવ મહિમ્ન પાઠ અને સ્તૃતિ વંદના કિરણભાઈ રાવલ, છ-ટાઈપ ખાતે રાત્રીના ૯ થી ૧૦ કલાક દરમ્યાન યોજાશે.

● શ્રીમાળી બ્રાહ્મણ સમાજ ગાંધીનગર દ્વારા શ્રાવણ માસ નિમિત્તે શિવ મહિમ્ન પાઠ પલ્લવિકાબેન દવે, ૪૩૧-એ-૨ ગીતાંજલી પાર્ક, સે. ૮ ખાતે યોજાશે.

## વાતવાતમાં

● રક્ષાબંધન પર્વમાં ચંદ્રગ્રહણના પગલે રાખડી બાંધવાના મુહૂર્ત અંગે ભારે અવઢવ હતી તેમાં સોશ્યલ મિડીયા પર જુદા જુદા મુહૂર્તો અંગેના મેસેજીસે વધુ ગુંચવણ પેદા કરી હતી. જો કે શહેરના અનેક ભાઈ-બહેનોને મુહૂર્ત જોયા વગર જ રક્ષાબંધન ઉજવી હતી. જ્યારે કેટલાકે તો રવિવારે જ રાખડી બંધાવી લીધી હતી.

● સળંગ બે રજાઓના પગલે શહેરના બગીચાઓમાં સાંજના સમયે ભારે ભીડભાડ જોવા મળી હતી. ખાસ કરીને રક્ષાબંધનના દિવસે સાંજે શહેરના તમામ બગીચાઓમાં પરિવાર સાથે મોજમજા માણતા શહેરીજનો વિશેષ જોવા મળ્યા હતા.

● રક્ષાબંધન પર્વના દિવસે સાંજે ગાંધીનગરને જોડતા તમામ મુખ્ય માર્ગો પર ટ્રાફિકનો ધસારો મોટા પ્રમાણમાં જોવા મળ્યો હતો. ચિલોડા સર્કલ, ભાટ સર્કલ અને અડાલજ ચાર રસ્તા જેવા સ્થળોએ ટ્રાફિક જામના દૃશ્યો પણ સર્જાયા હતા.

## ચિરવિદાય

- સ્વ. આશિષ મનુભાઈ પટેલ ઉ.વ. ૨૫
- કોદીબેન દિનેશજી ઠાકોર ઉ.વ. ૨૭
- ગંગાબેન આદરભાઈ પટેલ ઉ.વ. ૯૬
- મધુબેન ચુનીલાલ શાહ ઉ.વ. ૬૯
- જુઠીબેન ગોવિંદભાઈ પ્રજાપતિ ઉ.વ. ૭૨
- કેશાજી મથુરજી ઠાકોર ઉ.વ. ૭૦
- નંદુભાઈ શિવલાલ પંચાલ ઉ.વ. ૮૨

ટચુકડી જાહેર ખબર
દર ગુરુવારે-રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧